# અયોધ્યામાં ધ્વજારોહણ



અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિર ખાતે 25 નવેમ્બર, 2025ના રોજ યોજાયેલ ‘ધ્વજારોહણ સમારોહ’ એ વર્ષની સૌથી મોટી અને ગૌરવપૂર્ણ, ઐતિહાસિક અને ધાર્મિક ઘટનાઓમાંની એક હતી. વર્ષોની લાંબી રાહ અને સંઘર્ષ પછી, ભગવાન રામના જન્મસ્થળ પર બાંધવામાં આવેલા ભવ્ય મંદિરના સૌથી ઊંચા શિખર પર ‘ધર્મ ધજા’ કાયમી ધોરણે ફરકાવવામાં આવી. આ ભવ્ય અને પવિત્ર સમારોહમાં દેશના વડા પ્રધાનનરેન્દ્ર મોદી ઉપસ્થિત રહ્યા હતા, જેમણે પોતે મંદિરની ટોચ પર ધજા ફરકાવી. આ કેસરિયા ધજા 20 ફિટ લાંબી અને 11 ફિટ ઊંચી છે અને તેના પર ઓમ, સૂર્ય અને કોવિદાર વૃક્ષનાં ચિહ્ન છે.

## તહવ્વુર રાણાનું અમેરિકાથી પ્રત્યાર્પણ




10 એપ્રિલ

2008ના મુંબઇ હુમલાના આરોપી તેમજ પાકિસ્તાની મૂળનાકેનેડિયન નાગરિક તહવ્વુર રાણાને અમેરિકાથી ભારત લવાયો. એનઆઇએએ આવતા વેંત તેની ધરપકડ કરી. પૂછપરછમાં તેણે પાકિસ્તાની સંડોવણીના તમામ વટાણાવેર્યા હતા.

## અનમોલ બિશ્નોઈનું પ્રત્યાર્પણ



બોલિવૂડ અભિનેતા સલમાન ખાનના ઘર પર ગોળીબાર અને બાબા સિદ્દીકી હત્યા કેસમાં આરોપી ગેંગસ્ટર અનમોલ બિશ્નોઇને અમેરિકાથી ભારત પ્રત્યાર્પણ કરવામાં આવ્યો હતો. લોરેન્સ બિશ્નોઇનાભાઇ અનમોલને અમેરિકાથી દેશ નિકાલ કરવામાં આવ્યો હતો. અન્ય ડિપોર્ટેડ લોકોને પણ તેજ ફ્લાઇટમાં ભારત લાવવામાં આવ્યા હતા.

## ચીફ જસ્ટિસ પર જૂતું ફેંકવાનો પ્રયાસ



6 ઓક્ટોબર

સુપ્રીમ કોર્ટમાં સવારની સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ બીઆરગવાઈ પર જૂતું ફેંકવાનો પ્રયાસ થયો હતો. સુરક્ષા કર્મચારીઓ દ્વારા હુમલાખોરને પકડી તરત જ કોર્ટરૂમની બહાર લઈ જવામાં આવ્યો હતો. રાકેશ કિશોર નામના વકીલે ‘હિન્દુસ્તાન સનાતન ધર્મનું અપમાન સહન કરશે નહીં”કહી જૂતું ફેંક્યું. જો કે ચીફ જસ્ટિસ જરાય વિચલિત ન થયા અને કાર્યવાહી ચાલુ રાખી, તેને માફ પણ કર્યો.

## નક્સલવાદ સામે નિર્ણાયક જંગ

વર્ષ 2025 દરમ્યાન લાખો-કરોડોના ઇનામો જેમનાં માથે હતાં એ ટોચના ઘણા નક્સલવાદીઓ માર્યા ગયા. 500 જેટલા નક્સલીઓ આ વર્ષે શરણે આવ્યા. વર્ષ 2025માં હવે દેશમાં નક્સલ અસરગ્રસ્ત જિલ્લાઓની સંખ્યા ઘટીને 11 થઇ ગઇ છે.

## પુતિનની ભારત મુલાકાત



4 ડિસેમ્બર

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના આમંત્રણ પર રશિયન ફેડરેશનના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને 23મી ભારત-રશિયા વાર્ષિક શિખર પરિષદ માટે બે દિવસની ભારતની સત્તાવાર મુલાકાત લીધી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એરપોર્ટ પર રાષ્ટ્રપતિ પુતિનનું વ્યક્તિગત રીતે સ્વાગત કર્યું હતું. આ દરમિયાન વડાપ્રધાન મોદી અને પુતિન વચ્ચે અનેક મુદ્દાઓ પર ચર્ચા થઇ હતી. આ શિખર સંમેલન પર યુરોપ, અમેરિકા અને ચીન સહિત અનેક દેશોની નજર હતી, કારણ કે પુતિન રશિયા-યુક્રેન યુદ્ધ પછી પ્રથમ વખત ભારત આવ્યા હતા.

## ઈન્ડિગો ફ્લાઇટ્સ રદ થયાની મોંકાણ

ભારતીય અને વિશ્વમાં પણ મહદ્અંશે એવિએશન સેક્ટર માટે બહુ ખરાબ વર્ષ રહ્યું. જો જૂનમાં એર ઇન્ડિયાની કરૂણાંતિકા હતી, તો ડિસેમ્બરમાં અરાજકતા હતી. ઇન્ડિગો સ્થાનિક બજારમાં 63 ટકા હિસ્સો ધરાવે છે અને તેની બેઠક ક્ષમતા 53.40 ટકા છે. તેણે ખરે ટાણે એટલે કે પિક મેરેજ સિઝન દરમિયાન 5,000થી વધુ ફ્લાઇટ્સ રદ કરી હતી, જેના કારણે હજારો લોકો એરપોર્ટ પર ફસાયેલા હતા.મુશ્કેલી 2 ડિસેમ્બરના રોજ શરૂ થઇ હતી અને દરેક નવા દિવસની સાથે વધી રહી હતી. 3 ડિસેમ્બરના રોજ 150થી વધુ, 4 ડિસેમ્બરના રોજ 1,200થી વધુ અને 5 ડિસેમ્બરના રોજ આ સંખ્યા 1,600થી વધુ થઇ ગઇ હતી. મુખ્યત્વે પાયલોટ થાકને લગતા ફ્લાઇટ ડ્યુટી સમય મર્યાદાના નિયમો જુલાઇ/નવેમ્બરથી જાન્યુઆરી 2024ના જાહેરનામા મુજબ બદલવામાં આવ્યા હતા. એમાં આ મોંકાણ સર્જાઇ હતી.



## ટ્રમ્પે ભારતીયોને હાથકડી-બેડી પહેરાવી તગેડ્યા



ટ્રમ્પ સત્તા પર આવતા જ ગેરકાયદે વસતા લોકોને દેશવટો આપવાનું શરૂ કર્યું. 2025ની શરૂઆતમાં, 100થી વધુ ભારતીયોને યુ.એસ.માંથી લશ્કરી વિમાનો દ્વારા દેશનિકાલ કરવામાં આવ્યા હતા, જે દરમિયાન ઘણાને આ લાંબી મુસાફરી દરમિયાન કથિત રીતે હાથકડી પહેરાવવામાં આવી હતી અને પગથી બાંધી દેવામાં આવ્યા હતા. આ ઘટનાથી ભારતમાં આક્રોશ ફેલાયો હતો. ફ્લાઇટ અમૃતસરમાં ઉતરી એ મુદ્દે પણ વિવાદ થયો હતો.

## સુપ્રીમના મહત્વના ચુકાદા

### પ્રેસિડેન્સિયલ રેફરન્સ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ બંધારણની કલમ 200 અને 201 હેઠળ રાજ્યપાલ અને રાષ્ટ્રપતિ દ્વારા રાજ્ય બિલને મંજૂરી આપવા અંગેના 14 પ્રશ્નો પર સુપ્રીમ કોર્ટની સલાહ માંગી હતી. આ સંદર્ભ તમિલનાડુના રાજ્યપાલના કેસમાં તાજેતરના ચુકાદાના વિવિધ પાસાઓ વિશે વાત કરે છે, જેમાં સુપ્રીમ કોર્ટે તમિલનાડુ વિધાનસભા દ્વારા પસાર કરાયેલા 10 બિલને રાષ્ટ્રપતિના વિચારણા માટે અનામત રાખવાના રાજ્યપાલના નિર્ણયને રદ કર્યો હતો. તેણે એવું માન્યું હતું કે બિલ પર રાષ્ટ્રપતિ દ્વારા લેવામાં આવેલા તમામ પરિણામી પગલાં અમાન્ય છે. આ ઉપરાંત 1. ચૂંટણી કમિશનરોની નિમણૂક 2. સુપ્રીમ કોર્ટે પરિવારના છ સભ્યોની હત્યા બદલ મૃત્યુદંડની સજા પામેલ ગંભીર સિંહને નિર્દોષ જાહેર કર્યો. 3. વક્ફ (સુધારા) અધિનિયમ, 2025 પર સમૂળગો સ્ટે નહીં 4. તમિલનાડુના રાજ્યપાલ દ્વારા બિલ પર રોક લગાવવા પર સુપ્રીમ કોર્ટે વાંધો ઉઠાવ્યો.

## ધક્કામુક્કીની ઘટનાઓ

### કુંભમેળામાં નાસભાગ



પ્રયાગરાજમાં મૌની અમાવસ્યાના પવિત્ર સ્નાન માટે નાસભાગ થતાં 30 લોકોનાં મોત થયાં.

### તિરુપતિમાં ધક્કામુક્કી



તિરુપતિમાં વૈકુંઠદ્વાર સર્વદર્શનમ માટે ટોકન વિતરણ દરમ્યાન નાસભાગથી 6નાં મોત થયાં

### દિલ્હી સ્ટેશને ભાગદોડ



ફેબ્રુઆરીમાં નવી દિલ્હી સ્ટેશને નાસભાગ મચતા 18નાં મોત થયાં. મહાકુંભ માટે ટ્રેનો મોડી પડતા 14-15 નંબરના પ્લેટફોર્મ પર ભારે ભીડ થઇ હતી.

### આઈપીએલ ટ્રોફી પરેડ



જૂનમાં ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોરની પહેલી આઈપીએલ ટ્રોફી જીત્યાની વિજય પરેડમાં નાસભાગથી 11નાં મોત થયાં

### ગોવા મંદિર

મેમાં ગોવાના શિરગાંવમાં શ્રીદેવી લરાઈ મંદિરે લરાઈ દેવીની વાર્ષિક જાત્રામાં અચાનક નાસભાગથી 6નાં મોત થયાં

### હરિદ્વાર મનસા દેવી

જુલાઈમાં હરિદ્વારમાં મનસા દેવી મંદિરના દાદર પર 6 શ્રદ્ધાળુઓ માર્યા ગયા

### ટીવીકેની રેલીમાં નાસભાગ



તમિલનાડુના કરૂરમાં અભિનેતા-રાજકારણી વિજયના ટીવીકેની રેલીમાં નાસભાગ મચતા 41નાં મોત થયાં